જા.નં/માધ્ય/ઉ.પ.ધો./કેમ્પ/૨૦૨૧/ 292

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લાસેવાસદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. 8/૦૧/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી

સુરત જીલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

**વિષય :-આર.ઓ.પી.-૨૦૧૬ મુજબ પાત્રતા ધરાવતા કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણના કેસો રજુ કરવા બાબત**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બિન અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કે, જેમના ૦૧-૦૧-૨૦૧૬ નાં સ્ટીકર મળી ગયેલ છે અને ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું હોય તેવા કર્મચારીઓના વખતો વખતની સૂચનાઓ ધ્યાને લઈ ઉચ્ચતર પગાર ધોરણના તમામ કેસો નીચે જણાવેલ તારીખે કેમ્પના સ્થળે જાણકાર કર્મચારીએ દરખાસ્ત લઈ હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | એસ.વી.એસ. | કેમ્પનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | ૨૭/૦૧/૨૦૨૧ | ૧,૨,૩ | ટી એન્ડ ટી.વી. સાર્વજનિક હાઈસ્કુલ, નાનપુરા, સુરત |
| ૨. | ૨૮/૦૧/૨૦૨૧ | ૪,૫,૬ | |
| ૩ | ૨૯/૦૧/૨૦૨૧ | ૭,૮,૯ | |
| ૪ | ૩૦/૦૧/૨૦૨૧ | ૧૦ થી ૧૪ | |

૧. કર્મચારીની સેવાપોથી અદ્યતન કરવી જેમાં રજા હિસાબ, પગા ર, ઈજાફા, ફાજલ રક્ષણ, બિન પગારી રજા, સેવા તૂટ વગેરે તમામ નોંધ અદ્યતન કરવી.

૨. સેવાપોથીમાં કોઈ કર્મચારીનું નામ બદલાયેલ હોય તો તેની અત્રેની કચેરીનો આદેશ થયેલા હોય તે મુજબ મંજુરી સહિતની નોંધ સેવાપોથીમાં કરવાની રહેશે.

૩. દરખાસ્ત બે સેટમાં તૈયાર કરવાની રહેશે. હિન્દી પરીક્ષા તથા સી.સી.સી પરીક્ષા પાસ કર્યાની વિગતવાર નોધ કરવી. સીસીસી પરીક્ષા પાસ કર્યાનું વેરીફીકેશનની પ્રમાણિત નકલ સામેલ રાખવી અને આ પ્રકારની કર્મચારીની સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે.

૪. કર્મચારીને ઉ.પ.ધો.પાત્રતા તારીખે ૫૦ વર્ષની વયમર્યાદા થયેલ હોય અને મુક્તિનો લાભ લીધેલ હોય તો તે મુજબ સીસીસી પરીક્ષા મુક્તિ અંગેની નોંધ સેવાપોથીમાં કરવાની રહેશે.

૫. દરખાસ્તમાં બંને સેટમાં જિ.શિ.અ. સહી કરવાની થતી હોય તે પેજ ઉપર ફ્લેગ અચૂક લગાડવાની રહેશે.

૬.સેવાપોથેની તમામ નોધો આચાર્ય અથવા સંચાલક મંડળ નાં અધિકૃત હોદેદારોની સહી થી પ્રમાણીત કરવી રહે.

Scanned with CamScanner

૮. કોર્ટ કેસ, ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા કર્મચારીઓના કેસો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી આવા કેસો રજુ કરવાના રહેશે નહિ

૭. બઢતી સમિતિના ઠરાવમાં સમિતિ જે સાધનિક કાગળો માંગે તે અલગ થી બઢતી સમિતિના સભ્યોને બતાવવાના રહેશે. તે ફાઈલમા મુકવાના નથી.

ઉ.પ.ધો.દરખાસ્તમાં બઢતી સમિતિનાં ઠરાવમાં આ કેમ્પના દિવસે શાળા સંકુલના અધિકારીઓ હાજર રહેશે, બઢતી સમિતિના ઠરાવમાં સહી થયા બાદ દરખાસ્ત ફાઈલ રજુ કરવાની રહેશે.

સરકારશ્રીની કોવીડ -૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**નકલ રવાના :-**

વહીવટી અધિકારીશ્રી સંકુલ ૧ થી ૧૪
૨/- ઉપરોક્ત તારીખે કેમ્પના સ્થળે સમયસર હાજર રહેવા સારું.
આચાર્યશ્રી ટી.એન્ડ ટી.વી.સાર્વજનિક હાઈસ્કુલ,ટીમલીયાવાડ,નાનપુરા,સુરત
જરૂરી વ્યવસ્થા કરવા સારું

Scanned with CamScanner